*This Question Paper contains 8 printed pages.*
***(Sections - A, B, C & D)***

Sl.No. 014489

# 01 (G)
**(JULY, 2022)**

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 80***

**સૂચનાઓ :**

1) સ્પષ્ટ વંચાય તેવું હસ્તલેખન જાળવવું.
2) આ પ્રશ્નપત્રમાં ચાર વિભાગ A, B, C અને D તથા 1 થી 56 પ્રશ્નો છે.
3) બધા જ પ્રશ્નો ફરજિયાત છે. આંતરિક વિકલ્પો આપેલા છે.
4) પ્રશ્નની જમણી બાજુના અંક તેના ગુણ દર્શાવે છે.
5) સૂચના પ્રમાણે આકૃતિઓ સ્વચ્છ, સ્પષ્ટ અને પ્રમાણસર દોરવી.
6) નવો વિભાગ નવા પાના પર લખવો. પ્રશ્નોના જવાબ ક્રમમાં લખવા.

## વિભાગ – A (ગદ્ય) [20]

**અ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો.** **[4]**

| કૃતિ | કર્તા |
|---|---|
| 1) હિમાલયમાં એક સાહસ | (અ) સુરેશ જોષી |
| 2) ઘોડીની સ્વામીભક્તિ | (બ) ગુણવંત શાહ |
| 3) જન્મોત્સવ | (ક) જવાહરલાલ નહેરુ |
| 4) વાઈરલ ઈન્ફેક્શન | (ડ) પન્નાલાલ પટેલ |
| | (ઈ) જોરાવર સિંહ જાદવ |

**બ) નીચે આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** **[4]**

5) મનીષા દેસાઈએ સુરતી કુંટુંબને ______ ના હુમલામાંથી બચાવેલું. (રીંછ, વાઘ, દીપડો)

6) અંકલેશ્વરને મિત્રો મજાકમાં ______ કહેતા. (દુર્ગંધેશ્વર, ગંદકેશ્વર, અંકલઈશ્વર)

7) ગરીબોનું શોષણ કરનાર ચોપડાનો રંગ ______ હતો. (લાલ, લીલો, કાળો)

8) શ્રીમદ્ રાજચંદ્રે લખેલો તત્ત્વજ્ઞાનથી ભરપૂર ચિંતનગ્રંથ ______ છે. (મોક્ષમાળા, પુષ્પમાળા, રાજમાળા)

**ક) નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો.** **[2]**

9) નીનાબહેનના પતિ સંજયનું મૃત્યુ શાથી થયું?

10) ગિરમાળનો ધોધ કઈ નદી પરથી પડતો હતો?

**ડ) નીચે આપેલા પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં ઉત્તર લખો. (ગમે તે બે)** **[4]**

11) સંપૂર્ણપણે નીરોગી હોય તેવા માણસોએ નિયમિતપણે શું કરવું જોઈએ?

12) કાનજી અને દેવજી બાળકને લઈને ક્યાં જતા હતા? શા માટે?

13) શ્રીમદ્ રાજચંદ્રની જીવદયા અને કરુણા ક્યા પ્રસંગમાંથી પ્રગટ થાય છે.

**ઈ) નીચેના પ્રશ્નોના દસ-બાર વાક્યોમાં મુદ્દાસર ઉત્તર લખો. (ગમે તે બે)** **[6]**

14) ''ભૂખ થીય ભૂંડી ભીખ'' કૃતિના આધારે દુકાળની ભયાનકતાનું વર્ણન કરો.

15) 'ગતિભંગ' પાઠના આધારે પુત્રી ખોયાની માતા-પિતાની વેદના વ્યક્ત કરો.

16) ઢેલ ઘોડીની વફાદારી અને ખાનદાની વર્ણવો.

## વિભાગ – B (પદ્ય) [20]

**અ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો.** [4]

| કૃતિ | સાહિત્ય પ્રકાર |
|---|---|
| 17) દીકરી | (અ) ઊર્મિકાવ્ય |
| 18) શીલવંત સાધૂને | (બ) લોકગીત |
| 19) એક બપોરે | (ક) પદ |
| 20) ચાંદલિયો | (ડ) ભજન |
| | (ઈ) ગઝલ |

**બ) નીચે આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** [4]

21) 'વૈષ્ણવજન' પદના કવિ ______ છે. (નરસિંહ મહેતા, કલાપી, રાવજી પટેલ)

22) 'શીલવંત' એટલે ______. (શરમાળ, ચારિત્ર્યવાન, નાશવંત)

23) દીકરી સ્વર્ગમાં ______ ની ઝલકમાં દેખાય છે. (પરી, અપ્સરા, દેવી)

24) 'હું એવો ગુજરાતી' કાવ્યમાં ______ નદીનો ઉલ્લેખ થયો છે. (તાપી, સાબરમતી, નર્મદા)

**ક) નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો.** [2]

25) વહેણના પાણીને કોણ ઝીલે છે?

26) ગરીબ સ્ત્રીની ચૂંદડી ક્યાં સુધી સાથે રહે છે?

**ડ) નીચે આપેલા પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં ઉત્તર લખો. (ગમે તે બે)** [4]

27) ગંગાસતી પાનબાઈને કેવી વ્યક્તિની સંગત કરવાનું કહે છે?

28) 'ચાંદલિયો' કાવ્યમાં કાવ્ય નાયિકા સખીને પોતાના પતિ વિશે શું કહે છે?

29) મુરલી ઠાકુરને આંગણું મોટું શા માટે લાગે છે?

**ઈ) નીચે આપેલા પ્રશ્નોના દસ-બાર વાક્યોમાં મુદ્દાસર ઉત્તર લખો. (ગમે તે બે)** **[6]**

30) 'વૈષ્ણવજન' પદમાં નરસિંહ મહેતા સાચા વૈષ્ણવજનના કયાં-કયાં લક્ષણો જણાવે છે તે વર્ણવો.

31) 'શિકારીને' કાવ્યમાં કવિ યુવાનને કઈ શિખામણ આપે છે?

32) વતનથી વિદાય થતાં કવિ કેવી વેદના અનુભવે છે તે વર્ણવો.

## વિભાગ – C (વ્યાકરણ) [20]

- **માગ્યા પ્રમાણે ઉત્તર લખો :**

**આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને જવાબ લખો.**

33) નીચેના શબ્દોની સાચી જોડણી શોધીને લખો. **[1]**

નૈસર્ગીક (નૈસરગિક, નૈસર્ગિક, નૈસર્ગીક)

પુંછડી (પૂંછડી, પુંછડી, પૂંછડિ)

34) 'દિક્ + અંબર' – શબ્દની સાચી સંધિ જોડો. **[1]**

(દિકંબર, દિગંબર, દીગંબર)

35) 'દેશપ્રેમ' શબ્દનો સમાસ ઓળખાવો. **[1]**

(ઉપપદ, દ્વંદ્વ, તત્પુરુષ)

36) બંને શબ્દના જોડણી ભેદે થતો અર્થભેદ જણાવો. **[1]**

1) ઉદર (પેટ, હૃદય, પગ)

2) ઉંદર (એક પક્ષી, એક પ્રાણી, એક જળચર)

37) 'દમયંતીનું મુખ ચંદ્ર જેવું સુંદર છે' વાક્યમાંના અલંકારનો પ્રકાર જણાવો. [1]

(રૂપક, ઉપમા, ઉત્પ્રેક્ષા)

38) 'ઉપગ્રહ' શબ્દમાં કયો પ્રત્યય રહેલો છે. [1]

(પૂર્વપ્રત્યય, પરપ્રત્યય, એકપણ નહિ)

39) નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દ શોધીને લખો. [1]

1) સ્નેહ (પ્રેમ, શોભા, સંભાળ)

2) સુધા (પાણી, અમૃત, વિષ)

40) 'વિદ્યાર્થી' સંજ્ઞાનો આપેલા વિકલ્પોમાંથી સાચો પ્રકાર લખો. [1]

(જાતિવાચક, દ્રવ્યવાચક, વ્યક્તિવાચક )

- **નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ લખો.**

41) નીચેના રૂઢિપ્રયોગનો અર્થ જણાવો. [1]

આંખો ભીની થવી

42) નીચે આપેલ કહેવતનો અર્થ લખો. [1]

બાંધી મૂઠી લાખની

43) નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ લખો. [1]

ગાયોનો સમૂહ

44) નીચેના શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ લખો. [1]

ધરા

45) નીચેના વાક્યને કર્મણિમાં ફેરવો. [1]

ગોપી માથું ઓળે છે.

46) નીચેના તળપદા શબ્દનું શિષ્ટ રૂપ લખો. [1]

પોયરાં

47) નીચેના વાક્યમાંથી વિશેષણ શોધી તેનો પ્રકાર જણાવો. [1]

ગોંવિદને મોકલી ગાયનું પાશેર ઘી મંગાવ્યું.

48) નીચેના વાક્યમાંથી ક્રિયાવિશેષણ શોધી તેનો પ્રકાર જણાવો. [1]

ઓમ થોડું ચાલે છે.

49) 'કટાક્ષ' શબ્દના ધ્વનિ ઘટકો છૂટા પાડો. (સ્વર-વ્યંજન) છૂટાં પાડો. [1]

50) નીચેના વાક્યનું પ્રેરકવાક્યમાં રૂપાંતર કરો. [1]

વિદ્યાર્થીઓએ શાળાના મેદાનમાં વૃક્ષો વાવ્યાં.

51) નીચેની પંક્તિમાંનો છંદ ઓળખાવો. [1]

વળાવી બા આવી, નિજ સકલ સંતાન ક્રમશઃ

52) મંદાક્રાન્તા છંદનું બંધારણ જણાવો. [1]

## વિભાગ – D [20]

**53) નીચે આપેલી પંક્તિઓનો આશરે પંદર વાક્યોમાં અર્થવિસ્તાર કરો.** [4]

''આવ નહીં, આદર નહીં,
નહીં નયનોમાં નેહ;
તે ઘર કદી ન જઈએ,
કંચન વરસે મેહ.''

અથવા

''ચડે પડે જીભ વડે જ માનવી''

**54)** તમારી શાળામાં યોજાયેલ ''રમતોત્સવ'' નો અહેવાલ આશરે 100 શબ્દોમાં લખો. [4]

**55) નીચે આપેલા ગદ્યખંડનો આશરે ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો.** [4]

''એકાગ્રતાની શક્તિ જેમ વધુને વધુ કેળવાતી જશે તેમ તેમ વધુ ને વધુ જ્ઞાન પ્રાપ્તિ થશે. જ્ઞાન પ્રાપ્તિનો આજ માત્ર ઉપાય છે. બૂટ પોલિશવાળો પણ જેટલો વધારે એકાગ્ર થશે, તેટલો તે જોડાને વધારે ચમકવાળા બનાવશે; એજ રીતે એકાગ્રતાને લીધે રસોયો વધુ સારી રસોઈ બનાવશે, ધન મેળવવામાં, ઈશ્વરની આરાધના કરવામાં કે અન્ય કોઈ કાર્ય બજાવવામાં એકાગ્રતાની શક્તિ જેટલી વધારે તેટલું તે કાર્ય વધારે સારું થશે. માનવીની શક્તિઓને એકાગ્ર કર્યા સિવાય આ જગતમાંનું બધું જ્ઞાન ક્યાં મેળવાયું છે? આપણે એમનાં દ્વાર કેમ ખખડાવવાં તે જાણીએ, યોગ્ય પ્રહાર કેવી રીતે તે પિછાની એ તો જગત તેનાં રહસ્યો આપણી સમક્ષ ખુલ્લાં કરવા તૈયાર છે. એકાગ્રતામાંથી આ પ્રહારનું બળ અને શક્તિ આવે છે.

– સ્વામી વિવેકાનંદ

56) ગમે તે એક વિષય પર આપેલા મુદ્દાને આધારે આશરે 250 શબ્દોમાં નિબંધ લખો. [8]

- હાય રે! કોરોના મહામારી

  મુદ્દા :- પ્રસ્તાવના - વિશ્વના દેશોની સ્થિતિ - બેજવાબદારી - શહેરથી ગામડા સુધી સંક્રમણ - બચવાના ઉપાય - સરકારશ્રીના પ્રયત્નો - કોરોના વૉરિયર્સ - આરોગ્ય કર્મચારી - પોલીસ - સફાઈ કર્મચારી - શિક્ષકોની ભૂમિકા - સામાજિક જાગૃતિ - સાવચેતી - ઉપસંહાર.

અથવા

- ઑનલાઈન શિક્ષણના લાભાલાભ

  મુદ્દા :- પ્રસ્તાવના - ઑનલાઈન શિક્ષણની સંકલ્પના - ઑનલાઈન શિક્ષણથી ગતિ અને અધોગતિ - ઑનલાઈન શિક્ષણની મર્યાદાઓ - તેને દૂર કરવાના ઉપાયો - ઉપસંહાર.

અથવા

- દીકરી ઘરની દીવડી

  મુદ્દા :- પ્રસ્તાવના - દીકરીનો અવતાર - દીકરા-દીકરીઓમાં ભેદ - દીકરીઓ પ્રત્યે બદલાતું સમાજનું વલણ - સમાજમાં દીકરીઓને અપાયેલા હક - વિવિધ ક્ષેત્રે દીકરીઓની ભૂમિકા - ઉપસંહાર.